સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઊંચી ફી થી શાળામાં શ્વાસ 'ઘૂંટવા'નો ઘંટ વાગ્યો !
એસેસરીથી લૂંટવા 'શાળા-સ્ટોર'નો ઘંટ વાગ્યો !
ઘંટ વાગ્યો વાલીઓ માટે આ વેપારીઓથી જાગો !!
બીન સલામત શાળાઓમાં, મૃત્યુ નો ઘંટ વાગ્યો !!

હાઈકુ

સંચાલકોની
શિક્ષણતંત્ર સાથે
મિલિ-ભગત!

બાળ ઉછેર -
ને માંધાતા વચ્ચે -
મિંસાય વાલી...

ચિંતન

ધર્મકાર્ય યતગ્છકત્યા નો યેત્ પ્રાપ્નોતિ માનવઃ ।
પ્રાપ્તો ભવતિ તત્ પુણ્યમત્ર મેં નાસ્તિ સંશય ॥

ઉપરોક્ત શ્લોક મહાભારતમાંથી લેવામાં આવેલ છે.

માણસ પોતાની તમામ શક્તિ કામે લગાડીને કોઈક સત્કાર્ય કરે અને છતાં એમાં સફળતા ન મળે એવું બને છે. આમ થાય તો પણ સત્કાર્ય કરવાનું પુણ્ય તો અવશ્ય પ્રાપ્ત થાય છે. હવે એ વિશે કોઈ શંકા નથી. એવું કંઈ જરૂરી નથી કે માણસનાં બધાં જ કાર્યો સફળ થાય. મૂળ વાત ઉદ્દેશની છે. કાર્યનો પ્રારંભ શુભાશયથી થયો હોય અને એ દિશામાં કાર્ય સિદ્ધિ માટે જે પ્રયત્નો કર્યા હોય એમાં ક્યાંય દુર્ભાવના ન હોય એ સહુથી વધુ મહત્ત્વની વાત છે. પાંડવો અને કૌરવે વચ્ચે સમાધાન થાય એ માટે વિષ્ટિકાર બની ને આવેલા ભગવાન શ્રીકૃષ્ણ વિદૂર સાથે પોતાના વિષ્ટિ માટેના આ કાર્યને સત્કાર્ય તરીકે ઓળખાવતા કહે છે કે જો પોતે સફળ નહીં થાય તો પણ સત્કાર્ય કર્યા બદલનું પુણ્ય તો અવશ્ય મળશે. સત્કર્મ ક્યારેય નિષ્ફળ જતું નથી. દેખીતું ફળ ન મળે તો પણ આવું કરવા બદલ પુણ્ય સંચય તો થાય જ છે.

સુવિચાર

- હું મંદિરમાં આવ્યો અને દ્વાર બોલ્યું, પગરખાં નહીં બસ અભરખા ઉતારો - **ગૌરાંગ ઠાકર**
- જીવનભરનું સુખ કોઈ જ જીરવી ન શકે, સુખ માણવા માટે પણ સંઘર્ષ જરૂરી છે - **બર્નાડ શો**
- અસંમતિને લોકશાહી આવકારે છે, એટલું જ નહીં બિરદાવે પણ છે - **પી.જી. માવલંકર**
- જે ભીંતર શોધશે એને બુદ્ધ થવાની સંભાવના છે, પણ જે બહાર સોધતા ફરે છે તે બુદ્ધ છે - **ઓશો**
- સેવા વ્યક્તિની, ભક્તિ સમજની - **વિનોબા ભાવે**
- જયારે સંપત્તિના ઢગલા થાય છે ત્યારે માણસો સડી જાય છે, સમાજમાં જયારે સડાનું પ્રમાણ વધવા લાગે ત્યારે એ એક ઉકરડાથી વિશેષ રહેતો નથી - **જયોર્જ ગોલ્ડ સ્મિથ**
- આજનું ઔષધ : બે ચમચી દેશી ઘી, એક ચમચી ગોળ અને એક ચમચી હળદરને એક કપ પાણીમાં ઉકાળી સવાર-સાંજ તે પાણી પીવાથી હાડકાની નાની તીરાડ જલ્દી સંધાઈ જાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ચંદ્રગુપ્ત મૌર્યએ ચાણક્યને આમંત્રિત કર્યો. મહેલમાં રાણી પણ ઉપસ્થિત હતા.

ચાણક્યને સમ્રાટે કહ્યું, 'જો તમે ગુણવાની સાથે સ્વરુપવાન પણ હોત તો સોનામાં સુગંધ ભળી જાત.' ચાણક્ય મનમાં સમસમી ગયા. જવાબમાં શું કહેવું એ વિચારે તે પહેલા, રાણી સાહેબે કહ્યું, 'મહારાજ માણસની પૂજા તેના રૂપથી નહીં, ગુણ અને બુદ્ધિથી થાય છે.' રાજાએ કહ્યું, 'ઉદાહરણ આપી સમજાવો.'

ચાણક્યએ બે ગ્લાસમાં ભરેલ પાણી રાજાને ધર્યા અને પૂછ્યું, 'મને એ જણાવો કે કયા પાત્રનું પાણી આપને સારું લાગ્યું?' સમ્રાટે વારાફરતી બંને ગ્લાસનું પાણી પીને કહ્યું, 'બીજા ગ્લાસમાં ભરેલું પાણી ઠંડુ અને સ્વાદવાળું હતું, તે પાણીથી મારી તરસ છીપાઈ અને હું તૃપ્ત થયો છું.'

ત્યારે ચાણક્યએ કહ્યું, 'મહારાજ પહેલા ગ્લાસનું પાણી સોનાના ઘડાનું હતું અને બીજા ગ્લાસનું પાણી માટીના ઘડાનું હતું.'

શિક્ષણયજ્ઞમાં આહુતિ ઓછી પડે છે

શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષનો આરંભ થઈ ચૂક્યો છે. અનેક આશાઓ, અરમાનો વિદ્યાર્થીઓનાં શિક્ષણ સાથે જોડાયેલાં છે ત્યારે એક ઊડતી નજર રાજ્યના શિક્ષણ જગત ઉપર નાખવાનું મન થાય તે સ્વાભાવિક છે.

આ નજરમાં શું દેખાય ? અલબત્ત, વિશ્વકક્ષાએ પહોંચવા મથતી ઝડપ, આધુનિક સાધન-સગવડો, શિક્ષકોની સજ્જતા, વિશાળ કેમ્પસ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ખરા.

રાજ્યના વિદ્યાર્થીઓ વિશ્વકક્ષાએ પહોંચે કે વિશ્વકક્ષાએ વિદ્યાર્થીઓની સ્પર્ધામાં ઊભા રહે એવી રાજ્યની અને વાલીઓની મંશા પણ ખરી. પરંતુ, ખરેખર આપણે ત્યાં એવું વાતાવરણ કે એવી સવગડો છે ખરી ?

ખાનગી સ્કૂલ્સ પાસે સાધન-સગવડો છે તો એમની પાસે સંવેદના નથી. આરટીઈ જેવી વ્યવસ્થાને પણ આ સ્કૂલ્સ ગાંઠતી નથી, ફરિયાદો થાય છે તો એના પર કાર્યવાહી થતાં સમય નીકળી જાય છે.

સરકારી કે સરકાર સહાયિત સ્કૂલ્સ છે એનાં મકાનોની હાલત જોઈને દયા ઉપજે છે. હજુ એ જ વર્ષોજૂનાં જર્જરિત મકાનો, દીવાલો રંગ વગરની અને છત માત્ર કહેવા માટેની. વરસાદ આવે તો મકાનની આબરૂ ટીપે-ટીપે વર્ગમાં વરસી પડે એવી તો છત !

તંત્રીસ્થાનેથી...

સુરત જેવી દુર્ઘટના ગમે ત્યારે સર્જાય એવી સતત ભીતિ, પણ તેમ છતાં કંઈ જ કરવાનું નહીં. કારણ કે આપણે ત્યાં અગમચેતી નામના શબ્દનો કોઈને પરિચય નથી. આ દુર્ઘટના થયા પછી ખોટી દોડાદોડ કરવી, ઘાંઘા થઈ જવું એ આપણા સ્વભામાં ખરું.

કહેવા માટે કમ્પ્યુટર્સ ખરાં પણ એમની હાલતેય ખસ્તા. પૂરેપૂરાં ચાલતાં ન હોય કમ્પ્યુટર્સ, અપૂરતાં સૉફ્ટવેર્સ અને કમ્પ્યુટરના જાણકાર શિક્ષકની કમી.

કમ્પ્યુટર્સના જ શું કામ ? મુખ્ય વિષયોના શિક્ષકો પણ અપૂરતા. આઠની જરૂરિયાત હોય ત્યાં માત્ર ચાર શિક્ષકોથી કામ ચલાવાતું હોય. એક શિક્ષક બે વર્ગો લે કેવી રીતે અને લે તો ન્યાય કેટલો આપે એ મહત્ત્વનો પ્રશ્ન છે અહીં.

એવું નથી કે સરકારી સ્કૂલ્સમાં અભ્યાસ કરી રહેલાં બાળકોની પ્રતિભા ઓછી છે. હકીકત એ છે કે એમને ખાનગી સ્કૂલ્સમાં કે સંપન્ન પરિવારોમાં ઉછરતાં બાળકો જેટલી સુવિધા, તક મળતી નથી. એ એમને આપવામાં આવે તો આવાં બાળકો પણ પોતાનું કાઠું કાઢી શકે એવી ક્ષમતા ધરાવે છે.

શિક્ષણની ગુણવત્તા સુધારવા રાજ્યમાં પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા ઉત્સવો ઉજવાય છે એ આવકારદાયક છે. પરંતુ પ્રાથમિક સુવિધાઓ, પૂરતા શિક્ષકો એ શિક્ષણ માટેની પ્રાથમિકતા છે, એના વિના ઉત્સવોનો કોઈ અર્થ રહેતો નથી. એ જ કારણે ગુણોત્સવ દરમિયાન વિદ્યાર્થીના શિક્ષણનું સ્તર કેટલું નબળું છે એ દેખાઈ આવે છે !

રાજ્ય સરકાર પાસે ફંડ હોય તો ઉત્સવોને બદલે પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવા માટે ઉપયોગમાં લેવાય તે બહેતર છે.

અને આ જવાબદારી માત્ર રાજ્ય સરકારની જ છે એવુંય નથી. ગ્રામસ્તરે કે સ્થાનિક સ્તરે એવા ઘણા સંપન્ન પરિવારો, સંસ્થાઓ છે કે જેઓ સ્કૂલને સહાય કરી શકે છે. આવા પરિવારો, સંસ્થાઓએ આગળ આવવું જોઈએ અને સ્કૂલને સહાય કરવી જોઈએ. આપણે ત્યાં પરમાર્થ કરનારાઓની કમી નથી, બસ સૌથી મોટો પરમાર્થ એ શિક્ષણયજ્ઞ છે એ વાત સમજવી જોઈએ, સમજાવવી જોઈએ.

વિદ્યાર્થીની આંતરિક શક્તિઓ વિકસે ત્યારે અજવાળા રેલાય છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'મમ્મી, હું થાકવા નહિ, ભણવા અને રમવા જાઉં છું.'

દીકરો સ્કૂલ - પ્રાઈવેટ ટ્યુશન અને રમતના મેદાનોમાં સતત પ્રવૃત્ત રહે એટલે ચિંતિત માને દીકરાએ જવાબ આપ્યો.

આ દીકરાએ અત્યારે માત્ર ૧૬ વર્ષની ઉંમરે ૫૦થી વધુ ટ્રોફી, ૩૦૦ થી વધુ મેડલ્સ અને અન્ય ઈનામો મેળવ્યા છે. તાજેતરમાં ધોરણ દસમાની પરીક્ષામાં એણે ૫૦૦માંથી ૪૯૪ માર્કસ મેળવ્યા છે. ૨૦૧૯ના વર્ષના છ મહિના પુરાથવામાં છે ત્યારે આ ભાવનગરી કિશોરે ૨૫ મેડલ્સ આ વર્ષમાં જ મેળવ્યા છે.

એ છોકરાનું નામ ચિન્મય વૈષ્ણવ. માતા દીમીએ હોમ સાયન્સ સાથે બી.એ. કર્યા બાદ લગ્ન કરીને એમ.એ. કર્યું છે, ને પિતા સુરીલ એન્જીનીયરીંગની ડિગ્રી મેળવીને કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે જોડાયેલા છે.

૨૦૦૩માં ચિન્મયનો જન્મ થયા બાદ એની વિશેષ કાળજી લેવી પડે એવી સ્થિતિ હતી, જે એની માતાએ અને પરિવારે પુરેપૂરી લીધી હતી.

ભાવનગરની ફાતિમા કોન્વેન્ટ સ્કૂલમાં નર્સરીમાં દાખલ થયો એ પછીથી ધોરણ ૧ થી ૬ સુધીની તમામ પરીક્ષાઓમાં ચિન્મયને ૧૦૦ માંથી ૧૦૦ ટકા માર્કસ આવ્યા હતા. એ પછી થોડા ઘટ્યા પણ ૯૮ ટકાથી નીચે તો નહિ જ !

દરેક મમ્મીઓની જેમ ચિન્મયના મમ્મીને પણ હોંશ કે એને નવા નવા કલાસમાં એક્સ્ટ્રા એક્ટિવીટી માટે લઈ જઈએ... એ રીતે ગણિત સાથે જોડાયેલી એક સંસ્થાના કલાસમાં બેઝીક કોર્સમા એને મૂક્યો ત્યારે લેવાયેલા ટેસ્ટના પરિણામો જોઈને સંચાલકોએ કહ્યું 'આને તો સિનિયર લેવલના મૂકવા જેવો છે...' માતાએ હા પાડી ને દીકરાએ દોટ મુકી.... ગણિત અને વિજ્ઞાનની કેટકેટલી પરીક્ષા આપવા માંડ્યો... ને ટ્રોફી કે ઈનામો જીતવામા એને પ્રથમથી ઓછા નંબર તો સપનામાંયે આવે નહિ !!

૨૫ મે, ૨૦૧૩ના દિવસે મલેશિયામાં યોજાયેલી મેન્ટલ લેવલ એરીથમેટીકની અલોહા સંસ્થાની ઈન્ટરનેશનલ કોમ્પીટીશનમાં એ ગ્રાન્ડ ચેમ્પિયન બન્યો...

આટલું વાંચીને એવું ન માનતા કે એણે માથાકુટીયા ગણાયેલા મેથેમેટીક્સ સાથે જ બથોડા લીધા છે... સ્કૂલનો અભ્યાસ, ગણિતના ટ્યુશન અને એમાંથી સમય બચાવીને મમ્મી લઈ જતી હતી. કરાટેના કલાસમાં.... તે ૨૦૧૫માં તો એ બ્લેક બેલ્ટ થઈ ગયો... એય માત્ર ૧૨ વર્ષની ઉંમરે... હજુ વાત અહીં અટકતી નથી. એક દિવસ મમ્મી-પપ્પાને કહે કે 'મારે બાસ્કેટબોલ રમવું છે....' 'બેટા હવે કેટલું કરીશ ?' માતાએ સહજ ચિંતાથી કહ્યું. 'તું ચિંતા ના કર, હું બધે પહોંચી વળીશ...' એવો જવાબ આપીને બાસ્કેટ બોલની રમતમાં એવો પારંગત થયો કે બે વાર એ સ્ટેટ લેવલની કોમ્પીટીશન રમી આવ્યો છે.

૨૦૧૩માં કોઈએ કહ્યું કે બાળકોને પ્રોત્સાહિત કરવા અપાતા પ્રેસિડેન્ટ એવોર્ડ માટે અરજી કરો... તો એમાં યે પસંદ થયોને દિલ્હીમાં નવેમ્બર-૪, ૨૦૧૩ના રોજ નેશનલ ચાઈલ્ડ અવોર્ડ પ્રાપ્ત કર્યો.

અમદાવાદની પ્રતિષ્ઠિત એવી YMCA કલબમાં એના મેથેમેટીક્સ કૌશલ્યનું ડેમોસ્ટ્રેશન યોજાયું ત્યારે મેયરના હસ્તે સન્માન કરાયું હતું.

પિતા સુરીલ કહે છે 'એ ક્યારેય સ્ટ્રેસ અનુભવતો નથી, હંમેશા પ્રત્યેક કામ દિલથી કરે છે અને એટલે જ મારી આશા છે કે ભવિષ્યમાં એ અમારા ગામ ભાવનગરનું નામ રોશન કરે અને વિશ્વભરમાં અમે એના માતા-પિતા તરીકે ઓળખાઈએ અને ગૌરવ અનુભવીએ...'

દાદા રાજેશભાઈ વૈષ્ણવનો ઋજુતા - સરળતા અને બીજાને ઉપયોગી થવાનો વારસો પણ એણે જાળવ્યો છે. દાદી માધુરીબેન વૈષ્ણવ તો પૌત્રની પ્રગતિ જોઈને રાજી રાજી થઈ જાય... ચિન્મયના નાની હંસાબેન પોરબંદરની આર્યકન્યા ગુરુકુળમાં પ્રિન્સિપાલ હતા અને નાના કિશોરભાઈ ભટ્ટે SBI માં મેનેજર હતા. એના કાકા હીરેન; કાકી શિવાની અને કઝીન વૃષ્ટિ એની સિદ્ધિઓમાં પ્રેરક રહ્યા છે.

મમ્મી દીમી કહે છે, એ મારો દીકરો તો છે જ પણ એથી વધુ મારો બેસ્ટ ફ્રેન્ડ છે. કોમ્પીટીશનમાં ભાગ લેવા એ જયાં પણ જાય અને સાથે જ હોઈએ...'

એ પહેલેથી જ સ્પષ્ટ હતો કે બાયોલોજી એ મારા બ્રેડ-બટરનો વિષય નથી એટલે ધોરણ-૧૧માં એણે A ગ્રુપ પસંદ કર્યું છે. આગળ જતાં કોમ્પ્યુટર એન્જીનીયર થવું છે, વિદેશમાં અને ભારતમાં શ્રેષ્ઠ શિક્ષણ મેળવીને ગામ-રાજ્યને દેશનું ગૌરવ વધારવું છે ને એથી આગળ, પોતે જે પામ્યો તે બીજાને શીખવવું પણ છે. ગણિત સાથે દોસ્તી કેળવનારા ચિન્મયને મળો કે ફોનમાં વાત કરો ત્યારે એક પણ પળ એની લાગણી - ઉષ્મા - પ્રેમના સંબંધોમાં ગણિત ન આવે. એ સતત પ્રેમ-પ્રસન્નતાથી, ઉર્જા ને ઉલ્લાસથી છલકતો હોય.... ટીચરોના, પરિવારના સપોર્ટથી જયારે જયારે વિદ્યાર્થીની આવી આંતરિક શક્તિઓ વિકસે ત્યારે જ્ઞાનના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

પ્રવાસ એટલે 'વસુધૈવ કુટુમ્બકમ્' તરફનું પ્રથમ સોપાન

વિચારયાત્રા
ડો. જય ઓઝા

કહેવાય છે ને કે... હિમાલય જવાની વૃત્તિ હિંદુ માત્રને સ્વાભાવિક હોય છે. હિમાલયનો વૈભવ દુનિયાના તમામ સમ્રાટોના સમસ્ત વૈભવ કરતા પણ વધારે છે. હિમાલય જ આપણો મહાદેવ છે.

'આખા વિશ્વની સમૃદ્ધિ ખીલવતો છતાં અલિપ્ત, વિરક્ત, શાંત, અને ધ્યાનસ્થ, હિમાલય જઈ તેને જ હૃદયમાં ધારણ કરી લેવાની જેની શક્તિ હોય તે જ જીવન જીત્યો.'

- કાકા કાલેલકર

હિમ આચલ ચાર અલગ અલગ સર્કિટમાં વહેંચાયેલો પ્રદેશ છે. બિયાસ સર્કિટ, સતલુજ સર્કિટ, ટ્રાયબલ સર્કિટ અને ધૌલધાર સર્કિટ. શિમલા - મનાલી - ડેલહાઉસી - ધર્મશાળા જેવા પર્યટકોથી ધમધમતા અને વધુ પડતા પ્રવાસીઓથી તે સ્થળોની મૂળભૂત સુંદરતા યંત્રવત્ બની રહી છે, અને માટે જ ઓછા જાણીતા પરંતુ કુદરતની વધુ સમીપ રહેલા અવનવા સ્થળો ફરવા માટે પસંદ કર્યા હતા.

મનાલીથી ૨૫ કિ.મી. પહેલા નગ્ગર નામક એક જૂનું - ઐતિહાસિક વિરાસત સાચવીને બેઠેલું સ્થળ છે. નગ્ગર એ એક વખતનું કુલ્લુ રિસાયતનું પાટનગર હતું. રાજા વિસુધ પાલે આ 'નગ્ગર' નગર વસાવ્યું હતું. આશરે ૧૪૦૦ વર્ષ સુધી આ સ્થળ કુલ્લુ રાજ્યનું પાટનગર રહ્યું ત્યાર બાદ રાજા જગતસિંહે મુખ્ય પાટનગર કુલ્લુને જ બનાવી દીધું.

રાજા સીધ સિંહે ઈ.સ. ૧૪૬૦માં બંધાવેલ 'નગ્ગર રાજમહેલ' જોવા જેવો છે. રાજા સીધસિંહે રાણા ભોંસલ દ્વારા ત્યાગી દીધેલા પ્રદેશમાંથી પથ્થરો લાવી લાવીને અને બિયાસ નદીથી મહેલ સુધીની માનવ સાંકળ રચીને આ ચિત્તાકર્ષક મહેલ બનાવ્યો છે.

ઈ.સ. ૧૯૦૫માં આવેલા ભયાનક ભૂકંપમાં આશરે ૨૦,૦૦૦ હિમાચલી લોકોના મૃત્યુ થયા હતા અને નગ્ગરની જ નજીકનું શહેર 'જાવા' પણ સંપૂર્ણ નાશ પામ્યું હતું, તેવા સંજોગોમાં આ 'નગ્ગર મહેલ'નો એક કાંગરો પણ ખર્યો ન હતો... કેવી મજબૂતી હશે !

આ મહેલમાં 'જબ વી મેટ'નું 'યે ઈશ્ક હાયે...' ગીતનું શૂટિંગ થયું છે. ઉપરાંત ધ હિરો, રોઝા, માચીસ, બરસાત જેવા અનેક ફિલ્મોના કેટલાક ભાગ અહીં ફિલ્માવવામાં આવ્યા છે. ૧૯૭૮થી આ મહેલ હિમાચલ ટુરિઝમે પોતાના હસ્તક લઈ લીધો છે.

નગ્ગરથી જ ૧૦ કિ.મી. દૂર જાના વોટર ફોલ્સ છે, ખૂબ સુંદર જગ્યા છે. ૩૦ ફૂટ ઊપરથી પડતો આ ધોધ જોવો એ એક લ્હાવો છે, અને તેમાં પણ વચ્ચે વચ્ચે પથ્થરોની બેઠક બનાવી ને ગરમાગરમ મેગી અને ચાની જયાફત ઉડાવવાની મજા તો તમને કેવી રીતે વર્ણવવી !

આવી જ બીજી એક પવિત્ર અને સુંદરતમ જગ્યા છે. મનીકરણ. પાર્વતી નદીના કિનારે આવેલી આ જગ્યા હિંદુઓ અને શીખો માટે પવિત્ર ગણાય છે. એવું માનવામાં આવે છે કે સમગ્ર ધરાતલ પર પાણી ફરી વળ્યા પછી ભગવાન મનુએ અહીંથી જ નવસર્જનની શરુઆત કરી હતી. બીજી માન્યતા એવી પણ છે કે ભગવાન શિવ અને પાર્વતી આ સ્થળેથી પસાર થતા હતા ત્યારે પાર્વતીજીની કાનની મણિ અહીં પડી ગઈ અને તેને શેષનાગ પાતાળમાં લઈ ગયો... શિવના તાંડવ નૃત્ય પછી શેષનાગે ફુત્કાર કરીને તે મણિ પાછી ઉપર ફેંકી ત્યારથી અહીં ગરમ પાણીના ઝરા ઉત્પન્ન થયા.

અહીં એક ગુરુદ્વારા મણિકર્ણ સાહિબની યાદમાં બનાવવામાં આવ્યું છે. અહીં ગુરુ નાનકદેવે તેમના ભાઈ મરદાના તથા 'પંચ પ્યારો' સાથે આ સ્થળની યાત્રા કરી હતી. આછી જ પંજાબમાંથી મોટા પ્રમાણમાં ભાવિકો અહીં આવે છે, અને અહીં બંને સમય 'લંગર' ચલાવવામાં આવે છે. ૧૯૦૫માં આવેલ ભૂકંપે આ સ્થળનો ભૌગોલિક નકશો ઘણાખરા અંશે બદલી નાખ્યો હતો.

શિમલાથી કિન્નોર જતાં ૧૭૦ કિ.મી. દૂર સરાહન નામક નાનું ગામ છે. જેને 'કિન્નોર' જવાનો દરવાજો કહેવામાં આવે છે. ત્યાં 'ભીમાકાલી' માતાનું સુંદર, ઐતિહાસિક, લાકડાની નકશીદાર કોતરણી વાળું મંદિર આવેલું છે. જેને બાવન શક્તિ પીઠમાંનુ એક સ્થળ ગણવામાં આવે છે. આ મંદિરનું પુનઃનિર્માણ 'બુશહર' રાજયનાં રાજયકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સતલજ નદીની સાત કિ.મી. ઉપર આવેલું આજનું 'સરાહન' પુરાણોમાં 'શોણિતપુર' નામે ઉલ્લેખિત છે. 'બુશહર' રાજયવંશ પહેલા અહીં 'કામરું' વંશનું આધિપત્ય હતું. કાષ્ઠમાંથી બનેલું સમ્પૂર્ણ મંદિર તેની બાંધણી 'ઈન્ડો - તિબેટીયન' પદ્ધતિથી કરવામાં આવી છે.

હિમાચલ પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વીરભદ્રસિંહજી કે જેઓ આ વિસ્તારમાં 'રાજા સાહેબ' ના નામથી ઓળખાય છે. તેઓ આ જ રાજવંશના વંશજ મનાય છે, અહીંથી 'શ્રીખંડ કૈલાશ' પર્વતના જે દર્શન થાય છે, તે જોઈને કોઈ અલૌકિક શાતા મળે છે. એમ કહેવાય છે કે સ્વયં શંકર ભગવાન કિરાતના સ્વરુપમાં આ વિસ્તારમાં ઘણી વખત દૃષ્ટિગોચર થાય છે.

શિમલાથી 'નરકણ્ડા' ઘાટ ત્યાંથી રામપુર અને જ્યુરી થઈને 'સરાહન' પહોંચાય છે. રસ્તાઓ ખૂબ સરસ છે. 'સરાહન' માં 'સશસ્ત્ર સીમા બલ' નો મોટો ટ્રેનિંગ કેમ્પ છે. જયાંથી જતા અને આવતા બંને સમય હથિયારધારી મહિલા સિપાહીને ફરજ પર જોઈને છાતી ફુલી ગઈ.

આપણને ગુજરાતીઓને બહાર ફરવા જઈએ એટલે સૌથી મોટી મુશ્કેલી ભોજનની પડતી હોય છે. આપણે ત્યાં બનતું પંજાબી અને ચાઈનીઝ પણ 'ગુજરાતી' ટેસ્ટ વાળું હોય છે. માટે ભોજનની નાની-મોટી તકલીફો તો પડતી જ રહી.

પહાડો પર ફરવું એ માત્ર સ્થળો ગણવા માટેનું પર્યટન નથી હોતું પરંતુ પાઈન, દેવદાર, ચીલ જેવા વૃક્ષોથી આચ્છાદિત પર્વતોનાં મૌન સંગીતને સાંભળવાની મજા પણ હોય છે. હિલ સ્ટેશન પર ફરવું એટલે અવનવા ફોટા પાડીને ફેસબુક પર પોસ્ટ કરીને કેટલી લાઈક્સ અને કેટલી કમેન્ટ્સ મળે છે તે જ માત્ર નથી... હિમાલયનાં ખોળામાં ફરવું એટલે ત્યાંની સ્વચ્છ, અલ્લડ, નૃત્ય કરતી પહાડો પરથી ખળખળ વહેતી નદીઓનો કલશોર આંખોથી પીવો કાનોથી હૃદયમાં ઉતારવો એ સાચું પર્યટન છે.

પ્રવાસ એટલે જે - તે પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિઓની અનુકૂળતા પ્રતિકૂળતા વચ્ચે સામંજસ્ય સ્થાપીને સંઘર્ષયુક્ત જીવન જીવતા સ્થાનિક લોકોને ઓળખવાની વૃત્તિ. એક ઊંચા પહાડ પર જીવન જરૂરિયાતની નાની-મોટી વસ્તુઓ પહોંચાડવા માટે રોપ વે જેવી બે ચેનલલાઈન તાર બાંધીને નાનકડી ટોપલીમાં વસ્તુઓ નાખીને હાથથી દોરી ખેંચી વસ્તુ ઉપર નીચે મૂકવાની તેઓની અનોખી પદ્ધતિને માણવી અને સરાહના કરવાનું મન થાય, તેના તરફ આપણું લક્ષ્ય જાય, તેમની પીડા અને સંઘર્ષ જાણી શકીએ તો પ્રવાસ ખરેખર સાર્થક થાય અને ત્યારે જ આપણે ખરા અર્થમાં 'વસુધૈવ કુટુમ્બકમ્' ના મંત્રને સાર્થક કરી શકીશું... ખરુ ને!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

જીવન ખૂબ ટૂંકું છે એને રડવામાં વેડફાય નહીં

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક મિત્ર રોજ સાંજે શાક માર્કેટમાં શાકભાજી લેવા જાય. શાક માર્કેટમાં શાકભાજી વેચતા ભાઈઓ-બહેનો પૈકી બે-ત્રણ બહેનો પાસેથી એ મિત્ર નિયમિત રીતે શાક લેતા. માર્કેટમાં પ્રવેશતા જ આ બે-ત્રણ બહેનોની બેઠક. આ મિત્ર એ વડિલ બહેનોને સરસ મઝાનું સ્મિત આપી એમની પાસેથી શાક ખરીદતા. ધીરે ધરે આ બહેનોને પણ એમના માટે આદર થવા લાગ્યો. આ ઉપક્રમ પછી રોજીંદો થઈ ગયો. ભાઈ શાક-બકાલુ લેવા જાય અને શાક વેચતી બહેનો આ ભાઈને ઉમળકાભેર આવકારી શાક આપે.

આ ભાઈએ એમને પરિચિત એવા શાક વેચતા એક બહેનને ત્રણ-ચાર દિવસ સુધી ન દીઠા. આ ભાઈને મનોમન ચિંતા થઈ. બહેન સાજા નરવા તો હશે ને ? એમણે જે બહેન ન હતા એમની બરાબર બાજુમાં બેસતા બહેનને પૂછ્યું, 'તમારી બાજુમાં બેસી શાક વેચતા બહેન કેમ નથી દેખાતા ? એમની તબિયત તો સારી છે ને ?' બાજુવાળા બહેને જવાબ આપ્યો. 'ભાઈ એમના પતિ ત્રણેક દિવસ પહેલા ગુજરી ગયા. એટલે એ નથી આવતા.' પેલા ભાઈએ પૂછ્યું. 'તમને ખબર છે એ બહેન ક્યા રહે છે ?'

'હા ખબર છે. બાજુમાં રાંધેજા ગામમાં એ રહે છે.' એમણે જવાબ આપ્યો.

આ મિત્ર તો બીજા દિવસે એમની પત્ની સાથે સ્કૂટર ઉપર રાંધેજા ગામ પહોંચી ગયા. એમને એમ કે નાના અમથા ગામમાં બહેન વિશે પુછીશું એટલે એમના ઘરની ભાળ મળી જશે. પણ રાંધેજા પહોંચતા ખ્યાલ આવ્યો કે આ ગામ તો ખાસ્સુ મોટું છે. બે-ચાર જણાને પુછી ગમે તેમ કરી આ ભાઈ અને એમના પત્ની સાથે એ શાકવાળા બહેનના ઘરે પહોંચ્યાં. એમની સાથે કલાકેક બેસીને સાંત્વના આપી. પેલા શાકવાળા બહેનની આશ્ચર્યની કોઈ સીમા ન રહી.

આ છે એક સ્મીતની સંવેદના. એક મુસ્કાનના સંબંધ માત્ર શાક લેવા અને વેચવાની વાતથી ઘણી આગળ અંતઃકરણના આશીર્વાદની આ ઊંચી અગાસી છે. જયારે તમે હસો છો ત્યારે તમે ઈશ્વરની પ્રાર્થના કરો છો. પણ જયારે તમે કોઈની સામે પ્રેમથી હસો કરો છો ત્યારે ઈશ્વર તમારા માટે પ્રાર્થના કરે છે. એક મુસ્કાન થાકેલા માટે ઉત્તમ વિશ્વાસ છે. ઉદાસી અને હતાશ થયેલા માટે સ્મીત આનંદનો પ્રકાશ છે. તકલીફમાં પડેલાઓ માટે હાસ્ય જ સર્વોત્તમ ઉપહાર છે. હસવું અને કોઈને પુલકીત કરવા એ એક અત્યંત કપરું કાર્ય છે. ઈશ્વરે આ ગુણ આપણા બધામાં આપ્યો છે. તો પછી હસવામાં કંજુસી શા માટે કરવી ?

બધુ ખતમ થઈ ગયું એમ વિચારીને રડવા કરતાં આટલું જ નુકસાન થયું હજું તો ઘણું બાકી છે એમ વિચારી હસવું સારું. શાંતિનું તળ એક મુસ્કાનથી મજબુત રીતે બંધાતુ હોય છે. એમ શા માટે ન વિચારીએ કે, હું ગઈકાલે પણ હસતો હતો, હું આજે પણ હસુ છું અને આવતી કાલે પણ હસતો રહીશ, કારણ કે જીવન ખૂબ ટૂંકું છે એને રડવા પાછળ વેડફાય નહી.

દીકરાની એક મુસ્કાન માની મમતાનું આકાશ હોય છે. પત્નીનું એક સ્માઈલ પતિનો દિવસભરનો થાક દૂર કરી દેતી હોય છે. શિક્ષકનું એક નિર્મળ હાસ્ય વિદ્યાર્થીનું જીવન બનાવી દેતું છે. દુકાનદારનું સ્મિત ગ્રાહકનો વિશ્વાસ જીતી લેતું છે. એક મુસ્કાન જ મા-બાપના ચિરંજીવ બનવાના લખલુટ આશીર્વાદ મેળવી આપતા હોય છે. તમારી એક હાસ્ય અનેકની જિંદગી સવારીને ખુશીઓની વર્ષા લાવી શકે છે. જીવનમાં જેટલી પળ મળી છે એને હાસ્યના આનંદથી સજાવી લેવી જોઈએ. જીવન તો આમ પણ પસાર થવાનું જ છે પણ ક્યારેક પોતાના માટે હસી લો તો ક્યારેક બીજાને હસાવી લેવાની કોશિષ કરી લો અને પછી જૂઓ એનો આનંદ કેટલો અણમોલ હોય છે.

અમેરિકાના એક કલાકાર હાર્વે બૉલને વર્ષો પહેલાં વિચાર આવ્યો કે, લોકો જુદા જુદા દિવસો ઉજવીને એક વિચારને વહેતો કરતા હોય છે. સ્મીતનો એક દિવસ ઉજવી મુસ્કાનની તાકાતને શા માટે વિશ્વભરમાં ન વહેવડાવવી ? હાર્વેના આ વિચારને લોકોએ વધાવ્યો. પ્રતિ વર્ષ ઓકટોબર મહિનામાં 'વર્લ્ડ સ્માઈલ ડે' ઉજવાય છે.

સ્મિતને સેહત સાથે સીધો સકારાત્મક સંબંધ છે. હસતા વ્યક્તિનો તણાવ તો ઓછો થાય જ છે સાથે સાથે એના હૃદયમાં સકારાત્મકતાના પુષ્પ ખીલતા હોય છે. જ્યારે માણસ હસે છે ત્યારે એના શરીરમાંથી ઈંડોર્ફિન્સ નામનું તત્વ નીકળતું હોય છે. ઈંડોર્ફિન્સ કુદરતી પેઈનકિલરનું અદભુત કામ કરતું હોય છે. સ્મિતથી માણસનું મન હળવું થઈ જતું હોય છે. બ્લડ પ્રેશર ઘટાડવાનું કામ સ્મિત કરતું હોય છે. હસતા રહેવાથી ચહેરાના મસલ્સને કસરત મળે છે. જેથી કરચલીઓ નથી પડતી. મુસ્કાન ચહેરાની શાન છે. ક્યારેક એવું પણ બને કે માણસનું દર્દ પણ મુસ્કાન બન